# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : જાગૃતી વકીલ

## કોમ્પ્યુટર રાઈઝ દેવાભાઈ કે રબારી

તારીખ : ૨૫-૧૧-૨૦૨૨ સમય : સવારે ૬.૫૦ કલાકે

---

# ભાજપ પ્રદેશ પ્રમુખ-શ્રી પાટિલ

ગુજરાત વિધાનસભા ચુંટણીનો પ્રચાર હવે અંતિમ તબક્કામાં છે ત્યારે ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સીઆર.પાટીલ વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ બેઠકદીઠ વર્તમાન પરિસ્થિતિની અંતિમ સમિક્ષા કરી રહ્યા છે.

ગઈકાલે ભુજ ખાતે શ્રી પાટિલે કચ્છની ૬ બે વિધાનસભા બેઠકોના પ્રભારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ચુંટણી પ્રચારમાં વ્યસ્ત ઉમેદવારોને ખલેલ ન પહોંચે તે હેતુથી બેઠકમાં તેમને બોલાવાય નહતા.

આ બેઠકમાં વિનોદ ચાવડા, મહેન્દ્ર પટેલ સહિતના જિલ્લા પ્રદેશના સંગઠનના હોદેદારો જોડાયા હતા. જિલ્લા પ્રમુખ કેશુભાઈ પટેલ વ્યસ્તતા વચ્ચે પાટીલનીસૌજન્ય મુલાકાત લીધી હતી. કચ્છ બાદ પોતે મોરબી અને અમદાવાદ જઈ ત્યાં મીડીયા સમક્ષ સમિક્ષા કરશે એવુ કહેતા શ્રી પાટિલે કચ્છ અને ગુજરાતના ભારતીય જનતા પક્ષનો ભવ્ય વિજય થશે તેવો દાવો કર્યો હતો.

જાગૃતી વકીલ

---------------------------------------------------------------------------------

# કેન્દ્રીયમંત્રી- ભુજ મુલાકાત

કચ્છમાં નર્મદાનાં નીર પહોંચ્યા છે. કંડલા અને મુન્દ્રા બંદરોએ નવી સુવિધા આકાર લઈ રહી છે અને પ્રજા ભાજપનાં શાસનથી સંતુષ્ટ છે કચ્છ ગુજરાતનો મોડેલ જિલ્લો છે તેવુ માધાપર ખાતે બોલતાં કેન્દ્રના આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ આવો કહ્યુ હતું. તેમણે કચ્છની બધીજ બેઠકો ભાજપ જીતશે અને ગુજરાતમાં પણ નવો વિક્રમ સ્થાપશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

જાગૃતી વકીલ

---------------------------------------------------------------------------------

RNU BHUJ

# કોંગ્રેસમંત્રી-તારીક અનવર ભુજમાં

પાંચ વખત લોકસભા ચુંટણી જીતેલા અને બે વાર રાજ્યસભા સાંસદ રહી ચુકેલા ઓલ ઈંન્ડીયા કોંગ્રેસ કમીટીના મહામંત્રી અને કોંગ્રેસના સીનીયર નેતા તારીક અનવરે ગઈકાલે ભુજની મુલાકાત દરમિયાન સરકાર પર પ્રહાર કર્યા હતા. ભુજમાં આયોજીત પત્રકાર પરિષદમાં શ્રી અનવરે મોંઘવારી,બેકારી,ભ્રષ્ટ્રાચાર,મોરબી હોનારત સહિતના વિવિધ મુદે કેન્દ્રએ ગુજરાતની સરકારની ટીકા કરી હતી

ગુજરાત આગામી દિવસોમાં ચુંટણી પ્રચાર માટે રાહુલગાંધી ઉપરાંત પ્રિયંકા ગાંધી અને અશોક ગેહલોત પણ મુલાકાતે આવનાર છે તેવુ સતાવાર સુત્રોએ જણાવ્યુ હતું

જાગૃતી વકીલ

---------------------------------------------------------------------------------------

# ચુંટણી-કચ્છ તૈયારી

કચ્છ જિલ્લામાં ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફની બીજી તાલીમ સાથે પોસ્ટલ બેલેટથી મતદાનનું પણ આયોજન હાથ ધરાયું હતું.જે અંતર્ગત અબડાસામાં 646, માંડવીમાં 507, ભુજમાં 936, અંજારમાં 523, ગાંધીધામમાં 490 અને રાપરમાં 351 મળી બે દિવસ દરમ્યાન જીલ્લાના કુલ 3453 કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું મતદાન માટે મતકુટિર સહિતની સુવિધા ઉભી કરવામાં આવી હતી બીજા તબક્કાની તાલીમમાં કર્મચારીઓને વિવિધ માહિતી આપવામાં આવી હતી જેમાં ઈવીએમ, વીવીપેટના ઉપયોગ અને મતદાન પ્રક્રિયા અંગે તાલીમબધ્ધ કરાયા હતા.

તો બે દિવસ દરમ્યાન જીલ્લાના કુલ 1,215 વૃધ્ધ અને દિવ્યાંગ મતદારોએ ઘર બેઠા મતદાન કર્યું હતું

વિધાનસભા ચુંટણીમાં મતદાનના દિવસે પ્રથમ વખત જીલ્લાના 50 ટકા મતદાન મથકોએ કેમેરા લગાવાશે અને તેની વેબકાસ્ટીંગ થશે જે મતદાન મથકોમાં કેમેરા લગાવાશે તે પર નજર રાખવા જીલ્લા મથક ભુજમાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં વિધાનસભાવાર બે સહિત મોટા પંદર ટીવી લગાવી દેવાયા છે. તેનું તારીખ 27 અને 28મી નવેમ્બરે ટેસ્ટીંગ કરાશે એવી નાયબ જીલ્લા ચુંટણી અધિકારીશ્રી બી.કે.પટેલે જણાવ્યુ હતું

જાગૃતી વકીલ

---------------------------------------------------------------------------------------

## મુન્દ્રા- સેઝ કોસ્મેટીક્સ

મુન્દ્રા સેઝ ખાતે DRIની કાર્યવાહીમાં ૭૭ કરોડ રૂપિયાની કિંમતના બ્રાન્ડેડ કોસ્મેટિક્સ જપ્ત કરાયા છે. ચોક્કસ બાતમીના આધારે ચાઈનાથી મુન્દ્રા માટે નિર્ધારીત કેન્ટેનરને નિષેધ માલસામાન હોવાની શંકના આધારે હોલ્ડ પર રાખવામાં આવ્યુ હતું દસ્તાવેજોમાં માલનું વર્ણન “વેનિટી કેસ”ના ૭૭૩ પેકેજોનું હતું પણ વિગતવાર તપાસમાં પ્રારંભિક કેટલીક હરોળમાં જાહેર કરાયેલ માલનો સમાવેશ અને તેની પાછળ મેકઅપ ફાઉન્ડેશન જેવા વિવિધ પ્રકારના સૌંદર્ય પ્રસાધનો છુપાયેલા મળી આવ્યા હતા. કસ્ટમ્સ એક્ટનું ઉલ્લંઘન કરતો માલસામાન મળી આવ્યો હોવાથી કન્સાઈનમેન્ટની અટકાયત કરવામાં આવી હતી.

જાગૃતી વકીલ

---

## ફિલ્ડ ફાયરીંગ પ્રેકટીસ

ભુજ તાલુકાના હરિપર નજીક આવેલા ફિલ્ડ ફાયરીંગ બટ ખાતે આજે ફરજ બજાવતા અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા ફાયરીંગ પ્રેક્ટીસ યોજવામાં આવનાર છે.

જેથી આ ફાયરીંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં, તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરીંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઈ નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી મિતેશ પંડ્યા દ્વારા જણાવાયું છે.

જાગૃતી વકીલ

---

## કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ

ભુજ ચેમ્બર ઓફ કોમર્સમાં  યોજાયેલી એક બેઠકમાં મતદાનના દિવસે એટલે કે 1 ડિસેમ્બરના ભુજની દુકાનો સ્વૈચ્છિક બંધ રાખવા ભુજ ચેમ્બર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે ચેમ્બરના પ્રમુખ અનિલ ગોરે વેપારી પરિવારો મતદાનના દિવસે સૌથી વધુ સંખ્યામાં મતદાન કરે અને ભુજમાં સ્વૈચ્છિક બંધ રાખવામાં આવે તેવો અનુરોધ કર્યો હતો તો કચ્છના ઉદ્યોગોના સંકલનની મુખ્ય ભૂમિકા ભજવતા સંગઠન ફોકિઆએ પણ મતદાન જાગૃતિ માટે જિલ્લા તંત્ર સાથે સંકલન સાધ્યું છે

જાગૃતી વકીલ

---

PNBHUJ